# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૮ • તા.૨૮ ઓગસ્ટ થી ૩ સપ્ટેમ્બર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.






## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા દ્વારા

# વિદ્યાર્થીઓને માઈનોરીટીના વધુમાં વધુ લાભ મળે તે માટે પહેલ


SAVIOUR®
Performing PPE
Sure Safety
Complete Safety Solutions
COVID-19 OFFER
SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF
EN 166
FPSAV-F-SS
COVID-19 Face Shield
NIOSH/EN 149-2001 + A1:2009/FFP2
RPSAV-N95
N-95 Respirator
SITRA Approved
BPSAV-VGS
N-95 Respirator
EN 166
EYSAV-CHS-S
Chemi Splash Small
*Offer Valid till Stocks last!!! at factory Prices.
BOOK YOUR ORDER
DEALERS WANTED
www.suresafety.com
healthcare@suresafety.com | onlinestore@suresafety.com
+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**
**જયંત વસનજી છેડા**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**
**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા**
**પ્રવીણ હંસરાજ લોડાયા**
**તિલોકચંદ નરશી દંડ**
**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# માનવ કલ્યાણનો મારગ અપનાવીએ

આજે યંત્ર અને વિજ્ઞાનના બાહુલ્યથી સમાજ પ્રગતિ પણ કરી છે અને અધોગતિ પણ વહોરી છે. ઈર્ષા, વેર, અસૂયા, અલગતાવાદ અને આતંકવાદનો ભોરીંગ જીવતા જીવોને ભરડામાં લપેટી લીધો છે. જાત-ધર્મના વાડાભેદ, બીજાથી ચડિયાતા પણાની સ્પર્ધા એવી લાગી છે. જાણે ક્યારે અટકશે નહીં, વિરામ લેશે જ નહીં. આને આપણે શું પ્રગતિ કરી શું? વિકાસ કહીશું કે ગતિ કહીશું? આ વિકરાળ દૂષણો હેઠળ માનવ જાત કચડાઈ રહી છે. પીલાઈ રહી છે. સાચાને કોઈ સમજતું નથી. કે નથી કોઈ તેને ગણનામાં લેતું તે લઘુમતિમાં રહી ગયો છે. અસૂર અને અત્યાચારી આત્મા આઝાદ બનીને નિર્ભયતાથી ફરી રહ્યાં છે. સત્ય, શાંતિ અને ક્ષમાનો બોધ કોઈને અસર કરી રહ્યો નથી. દિવસો દિવસ પાપનાં ઘડાં ભરાતા જાય છે. શીલ અને ક્ષમા, ધર્મ અને શાંતિ સદ્‌ભાવ અને સમર્પણ, એક કોરે બે સહારા બનીને પાંખડીઓની લીલા જોતા ઊભા રહીં ગયા છે.

આ કપરા ભવમાં પ્રભુ મહાવીર સ્વામીનો સંદેશ ખરો રાહબર બની પથદર્શન કરાવી શકે છે. અવિચારી, અધમ, અનિષ્ટ તત્વોનું શમન કરી શકે છે. નિંદા અદેખાઈ, રાગદ્રેષ, ઈર્ષા, તિરસ્કાર, ધિક્કાર જેવા કાયમી કષાય ભાવોથી તિલાંજલિ અપાવી શકે છે.

સંન્યત સ્વીકારી સંયમ ગ્રહણ કરી સાધુ જીવનને સ્વીકારવાથી જ શુદ્ધતા મળે છે એવું નથી. નિર્મળ હૃદયથી સમતા સ્નેહ અને શુદ્ધ ભાવ કેળવવાથી અને પ્રત્યેક આત્મા પ્રત્યે કલ્યાણ ભાવની કામના કરવાથી પણ માંગલ્ય, ભાવ સર્જાય છે. મૈત્રી વિસ્તરે છે અને મૃદુતા સર્જાય છે.

જિનશાસનની ભવ્ય મહોલાત અહિંસા, તપ, ત્યાગ અને સંયમના ભવ્ય ભાવથી શાશ્વત ટકેલી છે. નાના,મોટા, સુક્ષ્મ કે મહાજીવો, નરી આંખે ન દેખાતા જીવજંતુઓ ની પ્રત્યે મૃદુતા કેળવી, દયા ભાવ, પ્રેમ અને આત્માકલ્યાણની ભાવના રાખીએ એ જ ધર્મનો સંદેશ છે. એજ જિન શાસનનો બોધ છે. શીખ છે. કઠોરતા ને ત્યાગી કોમળ બનીએ ભારથી ભારી નહીં પણ ભાવથી ભર્યા ભાદર્યા થઈએ હવા જેવા હળવાફૂલ થઈએ. શાંત છતાં શક્તિ અંતરમાં રાખીએ પણ તેનું પ્રદર્શન બહાર ન કરીએ. કોઈ જીવને પીડિત કરીને ન બતાવીએ. સુગંધ અદ્રશ્ય છે. પણ તેને મહસૂસ કરી શકીએ છીએ. તેનો કદ. આકાર કે વજન નથી છતાં ધરાવતી હવા મોટા ભારેખમ જહાજોને સમુદ્રમાં વહેતા રાખે છે. ગતિમાન રાખે છે. શક્તિ સર્વત્ર ફેલાઈ પોતાનો અસ્તિત્વની જાણ સૌને કરી દે છે. તેને મુઠીમાં બાંધી નથી શકતા. આ તાકત, આ બળ સ્વભાવનો છે. સહજ ભાવનો ને સમર્પણ ભાવનો છે.

માનવ જન્મ મળ્યો છે તો સૌ પહેલાં માનવીય ગુણોને પ્રાપ્ત કરી માનવતાને ઉજાગર કરીએ. માનવ માંથી મુનિત્વ પ્રાપ્ત કરીએ. સદ્‌ભાવ, સદ્‌કલ્યાણ અને સમભાવના ગુણો કેળવીને કષ્ટ કે તકલીફ ભોગવતા જીવનો ઉદ્ધાર કરીએ. અજ્ઞાનતામાં સપડાયેલ જીવનું કલ્યાણ કરીએ. કોઈને બચાવવા જતાં આપણને કષ્ટ પડે, તકલીફ પડે એ હસતાં હસતાં સ્વીકારી પરમાર્થ કાર્ય આપણા હસ્તે થયું એવો ભાવ કેળવીએ. હળવાં બનીને આપણે તરીએ સાથે અન્યોને પણ તારીએ એજ માનવ કલ્યાણનો ધર્મ સાર છે.

- જ્ઞાતિમૈયા

# પ્રાપ્તિનો આનંદ પ્રાપ્ત થવો અલભ્ય છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આપણું મન કામ, ક્રોધ, રાગ, દ્વેષ, ઈર્ષા અને પૂર્વગ્રહથી છલોછલ છે. હવે એમાં બીજા કોઈ ગુણ પ્રવેશે એ માટે કોઈ જગ્યા બચી નથી. તો મુક્તિ અને શાંતિ મળે ક્યાંથી. સદ્‌ગુણો આપણી પાસે આવે એ માટે કંઈક તો ખાલી રહેવું જોઈએ. પણ રિક્તસ્થાન માટે આપણે તૈયારી કરતા નથી. આપણે જીવનને સુધારવાની અને સમજવાની જરૂર છે. જેનાથી કશું મળવાનું નથી, પ્રાપ્ત થવાનું નથી તેવા અનેક પ્રકારના વિષયો મનમાં અઢળક ભર્યા છે. અવગુણોની લાલસા અને તૃષ્ણા રાખવાનું કોઈ પ્રયોજન ન રાખવું જોઈએ. જેથી આનંદપૂર્વકને મોજથી જીવી શકાય.

પ્રેમ અને ખુશી, સ્નેહ અને આનંદનો વ્યવહાર પરસ્પર છે. તમે આ વસ્તુઓ કોઈ ન આપો તેનાથી વધુ તમને મળે. આ વ્યવહાર અસરપરસનો છે. પ્રેમ અને લાગણી મળે તો માણસ સુખની કામના વગર પણ જીવી શકે. અત્યારે ધન કે વિતનો મહિમા અદકેરો છે. પણ તેનાથી પ્રેમ ખરીદી શકાતો નથી. સુખ સાહેબીમાં આળોટતો વ્યક્તિ પણ પ્રેમ માટે ઝુરતો હોય છે, વલખાં મારતો હોય છે. એકલવાયું જીવન જીવતો હોય છે. તેને સાચો પ્રેમ કરનારું કોઈ મળતું નથી અને સાચા સ્નેહ માટે તેઓ વલખાં મારતો હોય છે. સ્વજન હોવાનો દાવો કરતાં લોકો તેની આસપાસ હોય છે. પણ સ્વાર્થ અને શુષ્કતા ભર્યા સંબંધોને લીધે તેઓ મૂરઝાએલા રહેતા હોય છે. પ્રેમ એ જીવનની જડીબુટ્ટી છે. તેના વગરનું જીવન જડ, શુલ્ક અને નિરસ હોય છે.

સારું કામ કરીએ એ પુણ્ય અને ખરાબ કર્મ કરીએ એ પાપ છે. ખોટા કર્મ કરવાને કારણે બહારથી મજબૂત અડીખમ લાગતો માનવી અંદરથી ખળભળી ઊઠતો હોય છે. ખરાબ કામ કરનાર ક્યારે ચેન પામી શકતો નથી.

કોઈપણ વસ્તુ જીવનમાં પ્રાપ્ત થાય તો તેનો આનંદ માણવો પણ મર્યાદામાં રહીને પરંતુ તેના પ્રત્યે આસક્તિનો ભાવ ઊભો થવો જોઈએ નહીં. આ મારું છે એ મમત્વ ધરાવતી ભાવના ઊભી થાય તો તેમાંથી ઝટમુક્તિ મળતી નથી. જે વસ્તુ આપણી હતી નહીં, છે નહી એ આપણી થશે પણ નહીં. માટે વસ્તુ પ્રાપ્તિનો આનંદ માત્ર ઉપલકથી માણવો જોઈએ. અંદર ગરક થઈને નહીં.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા દ્વારા વિદ્યાર્થીઓને માઈનોરીટીના વધુમાં વધુ લાભ મળે તે માટે પહેલ



ભારત સરકારે જૈનધર્મીઓને માયનોરીટી સ્ટેટસ આપેલ છે. આ કાયદા અન્વયે શિક્ષણ, વ્યવસાય, સંસ્થા ચાલુ કરવા, ધંધાકિય તાલીમ વગેરે માટે મળતા અનુદાનો/સહાય મેળવવા આ સમિતિ કાર્યાન્વયિત થયેલ છે.

શ્રી સમસ્ત મહાજન દ્વારા એક સાહસિક અને ઉપયોગી પગલાં ભરવાની સાથે આજની યુવા પેઢીને અનુલક્ષીને એક કાર્ય શરૂ કરવામાં આવેલ છે, જેના અંતર્ગત જ્ઞાતિના શિક્ષિત યુવા પેઢીને વર્ષ ૨૦૨૧-૨૦૨૨ માટેની માયનોરીટી દ્વારા સ્કોલરશીપ મેળવી શકાય અને તેના માટે કેવી રીતે અરજી કરવી અને તેની પ્રક્રિયાની વિગતવાર માહિતી મળી રહે તે માટે પહેલ કરેલ છે.

સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા દ્વારા સ્કોલરશીપ માટેની સવિસ્તાર માહિતી અને માર્ગદર્શન આપવામાં આવશે. આ સાથે એક જાહેરાત કરવામાં આવેલ છે જે જ્ઞાતિના વિદ્યાર્થીઓ જેમને સ્કોલરશીપથી માહિતગાર નથી તેમને સહેલાઈથી માર્ગદર્શન આપવામાં આવશે, જેનો જ્ઞાતિજનો વધુમાં વધુ ઉપયોગ કરી તે મેળવવામાં સફળ થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ.

આપ સૌ જ્ઞાતજનોને નમ્ર વિનંતી છે કે વધુમાં વધુ જ્ઞાતિના વિદ્યાર્થીઓ સુધી પહોંચે અને તેનો લાભ મળે અને ઉચ્ચ અભ્યાસ સાથે ગુણવતા પ્રાપ્ત કરી શકે. આપશ્રી સર્વે જ્ઞાતિજનોને નમ્ર વિનંતી છે કે વધુમાં વધુ વિદ્યાર્થી તથા એમના વાલી સુધી આ મેસેજ પહોંચાડશો.

સ્કોલરશીપની માહિતી માટે ટ્રસ્ટી શ્રી કુણાલ ડાઘા સંપર્ક : ૭૫૬૭૧૧૮૫૯૯, સમય - સાંજે ૪ થી રાત્રે ૮ સુધી.

**વોટ્સએપ કરવા માટે અહીં નીચે ક્લીક કરો**

CLICK HERE

**વિડીયો જોવા માટે અહીં નીચે ક્લીક કરો**

CLICK HERE


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

Email : gyatimaiya2018@gmail.com

Whats App : 93222 57731

Read E-Paper http://www.kdosm.org

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

# SCHOLARSHIPS SCHEMES FOR MINORITIES COMMUNITIE HAS BEEN ANNOUNCED FOR 2021-22 STARTING FROM

**18 AUGUST, 2021.**

## PROCEDURE FOR APPLYING PRE & POST MATRIC SCHOLARSHIP

**It is mandatory for all students to apply online on www.scholarships.gov.in Students needs to download the filled in online application & submit it in the respective School / College.**

## LIST OF DOCUMENTS TO BE SUBMITTED ALONG WITH APPLICATION FORM

- Student Photo.
- Address Proof.
- Fee Receipts.
- Mark Sheets.
- Aadhaar Card.
- Community Certificate (Self deceleration)
- Income Certificate issued by Competent Authority.
- Bank Account number along with the IFSC Code.

**PLZ FORWARD TO MAXIMUM STUDENTS.**

**For more details Contact**
**Mr. Kunal Dagha - 75671 18599**
**(Contact time - 4:00 PM to 8:00 PM)**

# Anumodana

## Sanjivani Case- 49 Patient - Mrs. Priya Dharamsey, Mulund, Manjal Reladiya

| | |
|---|---|
| **Uranium Patron** | **Donation (Rs** |
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 15,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Matushri Vijayaben Shantilal J. Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 12,500.00 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Jai Jinendra Gautamnidhi Trust, Mumbai | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,000.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi, Banglore | 1,000.00 |
| Shri Kumarbhai B. Dand, Tera, Mumbai | 1,000.00 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Shrimati Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,000.00 |
| **Other Individual Donations** | |
| Shri Piyush Kirtikumar Dand, Pune | 15,000.00 |
| Shrimati Sheela Bharat Dagha | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Banglore | 10,000.00 |
| **Well Wisher-1** | 5,000.00 |
| Shri Hiren Somchand Shah ( Lodaya), Vadodara | 5,000.00 |
| Shri Vijay Visanji Soni, Dombivli | 2,500.00 |
| Shri Hukamchand J. Dharamshi | 2,500.00 |
| Shri Rajendra U. Desai , Raichur | 2,500.00 |
| Shri Ketan Shivji Lodaya | 2,500.00 |
| Shri Kartik Mahendra Shah | 2,000.00 |
| Shri Jagdish Lalwani, Ahmedabad | 1,600.00 |
| Shrimati Arunaben Chimanlal Nagda, Cochin - Mumbai | 1,000.00 |
| Shri Surendrakumar Bhawanji | 1,000.00 |
| Shri Manilal Visanji Dharamshi, Banglore | 1,000.00 |
| Dr. Nutan Shah Lapasia | 1,000.00 |
| Shrimati Neetaben Mahendra Poladia | 1,000.00 |
| **Well Wisher-2** | 500.00 |
| Shri Mehul Chandrakant Hefa | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya | 500.00 |
| Shri Kalpesh Jain | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Satish Hansraj Nagda, Tirupur | 500.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleepey | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Shri Rajendra J. Momaya, Chennai | 500.00 |
| **Well Wisher-3** | 200.00 |
| Shri Rohit Jivraj Poladia | 201.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 90990 41414**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી શંત્રુજય તીર્થ પાલીતાણા મધ્યે
# ૬૮ દિવસીય શત્રુંજય ૯૯ યાત્રાનું આયોજન

પાંચ પાંચ વર્ષની ભાવના સાકાર બની નિમિત્ત. મોંઘેરું પામતા પ્રવર્તિની મહતરા દાદી ગુરૂણી પ.પૂ.સાધ્વીશ્રીગુલાબશ્રીજી મ.સા.ના કૃપાવંત પ.પૂ.દેવશ્રીજી મ.સા., પ.પૂ.માણેકશ્રીજી મ.સા.ના શિષ્ય પરમ ચારિત્ર્યવંત પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના આશીર્વાદ અને ઉપકારોના ઋણ ચૂકવવાના ભાવ સાથે ચારિત્ર દીક્ષા પર્યાયની અનુમોદનાના શુભ ભાવ સાથે ૬૮મી દીક્ષા તિથિ નિમિત્તે શ્રી શત્રુંજ્ય તીર્થ પાલિતાણા મધે ૬૮ દિવસીય શ્રી નિતરૂચિ-ગુણ-ગુલાબ-વસંત શત્રુંજ્ય ૯૯ યાત્રાનું આયોજન યાત્રા આરંભ તા.૧૩ ડિસેમ્બર ૨૦૨૧થી પૂર્ણાહૂતિ તા.૨૨ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીનું છે. યાત્રિકોઓ તા.૧૧ ડિસેમ્બર ૨૦૨૧ના પધારવું.



હજી સુધી નવાણું ના કરી હોય તેમને પ્રથમ ચાન્સ અપાશે. મર્યાદિત સંખ્યામાં યાત્રિકો લેવામાં આવશે. જે માટે તા.૨૦ ઓક્ટોબર સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે. પધારનાર યાત્રિકએ ગુરૂ આજ્ઞા અને આયોજકના માર્ગદર્શન, આદેશ અનુસાર નિયમાધિન યાત્રા. તપ, જપ, ભક્તિ-ક્રિયા આરાધના કરવાની રહેશે.

યાત્રિકએ ફોમમાં નીચે મુજબ માહિતી ક્રમાનુસાર લખવી. સાથે ત્રણ પાસપોર્ટ સાઈઝના અને ૧ ફોટો પોસ્ટકાર્ડ સાઈઝનો મોકલવો.

● યાત્રિકનું પુરૂં નામ ● ઉંમર ● વડીલનું પુરૂં નામ ● ગામ ● હાલે રહેઠાણ ● રહેઠાણનું પૂરું સરનામું ● ઘરના સંપર્ક નંબર ● પોતાના સંપર્ક નંબર ● કોઈ બીમારી છે? ● કોઈ દવા ચાલુ છે? ● પહેલાં ૯૯ યાત્રા કરી છે? ● ક્યારે/ક્યાં ● હાલે કોઈ તપસ્યા ચાલુ છે? ● કઈ તપસ્યા ● યાત્રિકની સહી ● ફોર્મ ભર્યાની તારીખ ● ૯૯ યાત્રાના સર્વ આયોજન અને કાર્યક્રમમાં આજ્ઞા-આદેશનું સંપૂર્ણ પાલન કરીશ એની બાંહેરી આપું છું.

યાત્રિકો માટે દૈનદિની છરી નિયમ પાલન ● વહેલી સવારે ૪ વાગે શયન ત્યાગ ● ૪.૧૫ વાગે રાઈ પ્રતિક્રમણ ● ૫.૩૦ વાગે ગિરીરાજ પ્રતિ પ્રયાણ ● ૬.૦૦ વાગે યાત્રા પ્રારંભ ● ૧૦.૩૦ વાગે સમૂહ સ્નાત્ર ● ૧૨.૧૫ વાગે એકાસણા આયંબિલ ● ૩ વાગે વ્યાખ્યાન સત્સંગ ● ૬.૧૫ વાગે સંધ્યા ભક્તિ આરતી ● ૭.૧૫ વાગે પ્રતિક્રમણ ● ૯.૦૦ વાગે શયન ● વચ્ચે વચ્ચે જાણવાને માણવા તેમજ આત્મ ઉન્નતિમય કાર્યક્રમ ● વિશેષ માહિતી માટે સંપર્ક ૯૦૯૯૨૨૧૧૯૯ ● ફોર્મ પાસ થશે તો ફોનથી જાણ કરાશે.

ફોર્મ મોકલવા ના સ્થળ ૧) શ્રી બિદડા દેરાસર/ઉપાશ્રય, ચાંપાણી ફળિયો, મુકામ, બિદડા-૩૭૦૪૩૫, તા.માંડવી કચ્છ. ૨) પૂ.સાધ્વીશ્રી નયદર્શનાશ્રીજી મ.સા. અચલગચ્છ ઉપાશ્રય, કમલા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વીમિંગ પુલ પાછળ, એમ.જી.રોડ, કાંદિવલી વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૬૭. ૩) પૂ.સાધ્વીશ્રી અનંતકિરણાશ્રીજી મ.સા. જગડુશા નગર, અચલગચ્છ ઉપાશ્રય પારસ દર્શન, ડી વિંગ, ૧લે માળે, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૮૬. ૪) પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા., વાસુપૂજ્ય સ્વામી દેરાસર, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ, મુંબઈ-૪૦૦ ૦૮૦. ૫) શ્રી ૭૨ જિનાલય તીર્થ, પોસ્ટ તલવાણા-૩૭૦૪૬૫ તા.માંડવી-કચ્છ. ૬) ભરત ક્ષેત્ર, આંબેડકર રોડ, દાદર ઈસ્ટ, મંબઈ-૪૦૦ ૦૧૪. નાનાલાલભાઈ ગાલા-૯૩૨૨૬૮૭૨૦૪.

ફોર્મ ભરીને તમોએ ફોર્મ જ્યાં આપ્યું હોય એની વિગત વોટસએપ દ્વારા નાનાલાલભાઈ ગાલા-૯૩૨૨૬૮૭૨૦૪માં રજિસ્ટર કરાવવી.

સંઘપતિ પરિવાર માતુશ્રી લક્ષ્મીબેન કેશવજી (બાબુભાઈ) કરમશી ગાલા કાંડાગરાવાલા. સંઘમાતા નીતાબેન નાનાલાલ ગાલા, પુત્ર વધૂ-રૂચિ ધૈર્ય નાનાલાલ ગાલા દાદર, હિંદમાતા ભરત ક્ષેત્રવાલા.

# ખામગામમાં શત્રુંજય ગિરીરાજ તપની ધર્મ આરાધના





તા.૨૨ ઓગસ્ટ રવિવારના દિવસે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ ખામગામમાં ચાતુર્માસ માટે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં શંત્રુજ્ય ગિરીરાજ તપની ધર્મ આરાધના ધર્મમય માહોલમાં થઈ. તેજપાલ નવલચંદ શાહ પરિવાર લાભાર્થી રહ્યાં હતા. તેઓની સંઘ તરફથી ખૂબ ખૂબ અનુમોદના કરાઈ હતી.

મહારાષ્ટ્ર રાજ્યના વિદર્ભના ખંતીલા નગર ખામગામમાં ચાતુર્માસની વિવિધ આરાધનાઓનો લાભ સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર લઈ ધન્ય થઈ રહ્યાં છે.

# પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરિ મ.સા.નો વિદ્યાર્થી સંસ્કાર શિબિરમાં પ્રવચન

તા.૨૧ ઓગસ્ટ શનિવાર તા.ચીંચબંદર સંઘમાં ચાતુર્માસાર્થે બિરાજમાન પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરિ મ.સા.નો ટીનએજર વિદ્યાર્થી સંસ્કાર શિબિરમાં મનનીય પ્રવચન આપ્યું. બાળકો સમજી શકે જાણી શકે એવી સરળ, સાદી અને પોતીકી ભાષામાં પૂજ્યશ્રીએ બાળકોને ચંડપીંગલ ચોર, સમડી વિહાર દેરાસરનો ઈતિહાસ તથા ગાય મરીને નવકાર મહામંત્રના પ્રભાવે દેવી થઈને અંબરનાથના દ્રૌપદીબેનને ચાર વાર કેવી રીતે દર્શન આપ્યા. આ ત્રણ દ્રષ્ટાંતો સહિત નવકાર મહામંત્રના જાપ માટે વિશેષ પ્રેરણા કરવામાં આવી હતી.

હિંદી ભાષામાં અપાયેલ આ પ્રવચન ૧.૧૫ કલાકનો છે જે યુટ્યૂબ લીંક ઉપર https://youtu.be/KZdguYQmcTU ઉપર જાણવા માણવા સમજવા જેવો છે.

# ભુજ વર્ધમાન નગર સંઘમાં મહાકાલી ભાવના ભણાવાઈ






ભુજ પરિસરના વર્ધમાન નગર સંઘમાં વિમલનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અચલગચ્છાધિષ્ઠાયિકા અચલગચ્છ રક્ષિકા, સુમિતિનાથ સ્વામીના યક્ષિણી, સોળ વિદ્યા દેવીમાંના એક વિદ્યા દેવી શ્રી મહાકાલી દેવી ભાવના સંગીતકાર પ્રવીણભાઈ ગોરના સંગાથે ભણાવવામાં આવી. સંઘના શ્રાવક શ્રાવિકાઓની બહોળી ઉપસ્થિતથી ઉત્સાહ હેતની અઢળક ભાવ હેલી ઉમટી હતી.

# ભાવભીની શ્રધ્ધાંજલિ

કચ્છ
નલિયા



હાલ :
મુલુંડ

## સ્વ. નરશી શામજી ધરમશી

(અરિહંતશરણ ૨૬-૦૮-૨૦૨૧ ઉ.વ.૯૪)

સમય પ્રત્યેની આપની નિષ્ઠા અને કુટુંબ પ્રત્યેની લાગણીશીલતા,
કડક સફેદ પોષાક, નરમ દિલની સરળતા તથા પરિસ્થિતીને સમજવાની સહજતા
એવા અમારા પૂજ્ય શ્રી નરશી શામજી ધરમશી,
વડીલની છબી અમારા હધ્યમાં અમર બની રહેશે અને
એમના આદર્શો અને સાદગી ભર્યુ જીવન હંમેશા અમને માર્ગદર્શક રહેશે.

### -: શોકાતુર :-

| | |
|---|---|
| માતા-પિતા | : ધનબાઈ શામજી રાજપાર ધરમશી, પરિવાર |
| સાસુ-સસરા | : પુરબાઈ નરશી વેલજી દંડ, પરિવાર |
| ધર્મપત્ની | : જયાબાઈ નરશી ધરમશી |
| પુત્ર-પુત્રવધુ | : જયપ્રભા લલિત ધરમશી, સ્મિતા પંકજ ધરમશી |
| પૌત્ર-પૌત્ર વધૂ | : હિતાંશી ૠષભ લલિત ધરમશી, અનિશા કૌતુક પંકજ ધરમશી |
| પર પૌત્ર | : પ્રેરિત ૠષભ ધરમશી |
| દિકરી-જમાઈ | : અરૂણા નીતિન નાગડા, જયશ્રી દીપક લોડાયા |
| દોહીત્રી- દોહીત્રી જમાઈ | : સોનલ ઉપેનભાઈ સોની, અનીશા કલ્પેશ પટની |
| દોહીત્ર પુત્ર | : રોમીલ ઉપેન સોની |
| દોહીત્રી પુત્રી | : અશ્મી ઉપેન સોની, પ્રિશા કલ્પેશ પટની |
| દોહીત્રી | : નિયતિ નીતિન નાગડા |
| દોહીત્રની પુત્ર વધૂ | : મેઘના અક્ષય દીપક લોડાયા |
| પર દોહીત્ર | : કારવ અક્ષય લોડાયા |

**શ્રધ્ધાસુમન**

**માતુશ્રી ધનબાઈ શામજી રાજપાર ધરમશી, પરિવાર - નલિયાવાળા**
**માતુશ્રી પુરબાઈ નરશી વેલજી દંડ, પરિવાર - તેરાવાળા**

# પધારો મોટી ખાવડીમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધનાઓ કરવા

હલો પાંજે વતન, પાંજ ગામ મોટી ખાવડી. બોરો મઠો અસાં વતન, મુંજી માતૃભૂમિ કે નમન આ નાદ અને નારા ગજાવતા ગામવાસીઓ અને સંઘના સૌને શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ મોટી ખાવડીના પ્રમુખ તથા ટ્રસ્ટી ગણ દ્વારા રૂડા પર્વાધિરાજ પર્યુષણની ઉજવણી ધર્મ આરાધનાઓ સહ ભક્તિ કરવાનો આમંત્રણ અપાયું છે.

શનિવાર તા.૪ સપ્ટેમ્બરથી તા.૧૨ સપ્ટેમ્બર સુધી પર્વની ઉજવણી ધામધૂમપૂર્વક કરાશે. શ્રી સંઘ દ્વારા શ્રાવણ વદ તેરસથી ભાદરવા સુદ છઠ સુધી સાધર્મિક ભક્તિની વ્યવસ્થા રાખેલ છે. ગામવાસી જે કોઈ ભાવિક પર્યુષણ પર્વ દરમ્યાન આઠ દિવસની આરાધના કરશે તેને આવવા જવાની સ્લીપર ક્લાસના ટિકીટની રકમ અનુમોદના રૂપે મોટી ખાવડી ગામના એક દાતા પરિવાર તરફથી આપવામાં આવશે. ટિકીટ કઢાવવાની વ્યવસ્થા પોતાને કરવાની રહેશે. ટિકીટની રકમ મોટી ખાવડી કાર્યાલય પરથી મળી જશે. દાતાનું નામ પર્યુષણ પર્વ દરમિયાન જાહેર કરવામાં આવશે.

આવનાર ગામવાસી માટે જેને રહેવાની વ્યવસ્થા ના હોય તેને માટે અતિથિગૃહ તથા મહાજનવાડીમાં વ્યવસ્થા કરવામાં આવશે. એક રૂમમાં ૪ વ્યક્તિનો સમાવેશ કરવામાં આવશે. વહેલો તે પહેલોના ધોરણે અગાઉથી બુકીંગ કરવામાં આવશે. બુકીંગ કરવા માટે મુકેશભાઈ મોતીલાલ લોડાયા-૭૦૪૫૫૩૫૯૪૭નો સંપર્ક કરવો.

પર્યુષણ પર્વ દરમ્યાન અનેરો લાભ લેવાનો સુનહેરો અવસર મળ્યો છે. ટ્રસ્ટી બોર્ડએ રૂા.બે લાખનો નકરો આઠ દિવસની સાધર્મિક ભક્તિ માટે નક્કી કરેલ છે. જે કોઈ દાતા પરિવારની ઈચ્છા હોય તે ટ્રસ્ટ બોર્ડને જણાવે. જો એક દાતા નહી મળે તો સર્વે ગામવાસીઓ આ પર્વની ઉજવણી માટે પોતાનો સહયોગ આપવા વિનંતી.

ખાસ નોંધ : ● પર્વ પર્યુષણ ઉજવણી સરકારી ગાઈડ લાઈન્સ મુજબ ઉજવવામાં આવશે. ● પોતાના રૂમમાં સર સામાનને સાચવવા પોતાનું તાળું તથા જરૂરી દવા સાથે લાવવી. ● પોતાના કિંમતી સામાન તથા સોનાના તથા કિંમતી દાગીના સાચવવાની જવાબદારી તમારી પોતાની રહેશે. આ માટે ટ્રસ્ટ બોર્ડ કોઈપણ પ્રકારે જવાબદાર નહીં હોય.

# કચ્છ અબડાસાના સાંધવ તીર્થે રક્ષ રક્ષ જિનેશ્વરના નાદે ધર્મ આરાધનો થઈ

તા.૨૨ ઓગસ્ટ રવિવારના કચ્છ અબડાસાના સાંધવ તીર્થે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં શ્રાવણી પૂનમ રક્ષાબંધનના પાવન દિને રક્ષ રક્ષ જિનેશ્વરના ગગન ભેદી નાદ અને ભાવપૂર્વકની સંવેદના સાથે પ્રભુને માતા પિતા ભ્રાતાના બંધન સાથે જોડાઈ રક્ષાનો કોલ આપવાનું વિશિષ્ટ અનુષ્ઠાન હૃદયના ઉદગાર સકલ શ્રી સંઘના સથવારે અનુપમ અવસરની યાદગાર અમીટ છબી સૌના હૃદયમાં જાડાઈ ગઈ હતી.

# ખામગામ નગર સંઘમાં મહાલક્ષ્મી માતાજીનું પૂજન અદ્‌ભૂત માહોલમાં સંપન્ન





મહારાષ્ટ્ર રાજ્યના વિદર્ભ પ્રાંતના ખામગામ નગર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ની નિશ્રામાં તા.૨૨ ઓગસ્ટ રવિવારના મંગલ દિને શ્રી મહાલક્ષ્મી માતાજીનું પૂજન અદ્‌ભૂત ભક્તિ ભર્યા માહોલમાં સંપન્ન થયું. મુખ્ય લાભાર્થી અનિલભાઈ દામજીભાઈ વિકમશી પરિવાર ખામગામ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમંગભેર સહભાગ લીધો હતો.

દિવ્ય કૃપા



શાસનસમ્રાટ પ.પૂ.આ.ભ
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

દિવ્ય આશિષ



તપચક્રચક્રવર્તી પૂ.આ.ભ
શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

માર્ગદર્શક પ્રેરણામૂર્તિ



સાહિત્ય સમ્રાટ ગ.પૂ.આ.ભ
શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

# ભારતભરના-મુંબઈ-કચ્છ ગુજરાત આદિ સૌ ક્ષેત્રોમાં સંઘો-મંડળોમાં વિરાટ વર્ધમાન વિરતિ સામાયિક અભિયાનનું ભવ્ય આયોજન



નિમિત્ત : વિશ્વશાંતિ-સંઘ ગચ્છોન્નતિ તથા અનેક ગોત્ર પ્રતિબોધક શંત્રુજય નવ ટૂંકના મુખ્ય અદ્ભુત આદીશ્વર દાદાની દિવ્ય વિરાટમૂર્તિના પ્રતિષ્ઠાયક વિધિપક્ષ-અચલગચ્છપ્રવર્તક

**પૂ.દાદા ગુ.આ.ભ.શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.**

ના પ્રતાપી પટ્ટધર

## પૂ.દાદા ગુ.આ.ભ.શ્રી જયસિંહ સૂરીશ્વરજી મ.સા.

ની નવમ શતાબ્દિ વર્ષ (૧૧૭૯ થી ૨૦૭૮)

આપણા જૈનેતર પૂર્વજોને ૯૦૦ વર્ષો સાત વ્યસનો છોડાવી ઓસવાલ જ્ઞાતિમાં સંમિલિત કરાવી શતાધિક (સૌ થી અધિક) જૈન ગોત્ર અટકો દ્વારા જૈન ધર્મમાં ઉચ્ચ કોટિનું જિનાજ્ઞાયક્ષી શ્રી મોક્ષલક્ષી જીવનનું ગૌરવ અપાવ્યું

**જન્મભૂમિ પાવન ઐતિહાસિક ભૂમિ સોપારા (નાલાસોપારા) જન્મ સં.૧૧૭૯, ચૈ.સુ.૯, દીક્ષા સં.૧૧૯૭ (થરાદ) સૂરિપદ સં.૧૨૦૨ ગંદોરપુર (પાવાગઢ) ગચ્છનાયક સં.૧૨૩૬ કાળધર્મ : સં.૧૨૫૮ (બેણપ-બનાસકાંઠા)**

ગુજરાતના રાજા જયસિંહ-કુમારપાળ, હત્થુંડીના અનંતસિહ, યદુવંશીય સોમચંદ, ઠાકોર ફણધર, ઠાકોર રાવજી લાલન, ચૌધરી, બિહારીદાસ, મોહણસિંહ, દેવડ ચાવડા રાઉત વિરદત્ત આદિ અનેક રાજાઓને લાખો ક્ષત્રિયો રજપુતોને પ્રતિબોધી અનેક ગોત્રોને પ્રતિબોધ્યા, ક્રિયોદ્ધારક પૂ.દાદાગુરૂ આર્યરક્ષિતસૂરીશ્વરજી મ.સા.એ સમાજ-લોક માનસમાં જે શુદ્ધ જૈન સમાચારી વિસ્મૃત થયેલ તેને સ્થાને વિધિપક્ષ-અચલગચ્છનું પ્રવર્તન કરી અનેરી ધર્મ જાગૃતિ આણેલ જેને ચોમેર ફેલાવી આચાર પ્રણાલી પ્રસ્થાપિત કરવામાં પૂ.દાદા ગુરૂ શ્રી જયસિંહસૂરીશ્વરજી મહારાજાનો અદ્વિતીય અદ્ભૂત ફાળો છે. જેની અસર આજે નવ નવ શતાબ્દિ બાદ પણ જીવંત છે.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
**શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપ**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની લાગા રોલ સમિતિની લાગા ભરવાની અપીલ

મુંબઈ મહાજનની હદમાં રહેતા શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનો જોગ જણાવવાનું કે જ્ઞાતિની કુલ્લ વસતીમાંથી ૬૫ ટકા જેટલી વસતી ફક્ત મુંબઈમાં જ રહે છે. જ્ઞાતિ વડીલોની દીર્ઘ દ્રષ્ટિ અને જ્ઞાતિ પ્રેમના પરિણામ રૂપે લાગાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આપણે કેટલા નસીબવંતા છીએ મુંબઈ મહાજનના એક વર્ષના લાગાના માત્ર રૂ.૫૦ છે. જેમાં રૂ.૨૦ મહાજનશ્રીના ફંડમાં અને રૂ.૩૦ દેરાસરજીના નિભાવ ફંડમાં ફાળવવામાં આવે છે. આ લાગાની ચૂકવણીથી જ્ઞાતિ હિતના કાર્યો જેવા કે દેરાસરજીના નિભાવ, સમૂહ લગ્ન, મેડિકલ, સાધર્મિક, શૈક્ષણિક સહાય તેમજ અન્ય વિવિધ પ્રકારના સુંદર કાર્ય મહાજનશ્રી દ્વારા થાય છે. મહાજનશ્રીના લાગા ભરવા અને ભરાવીને આપણે જ્ઞાતિના હિતાર્થે તેમજ જ્ઞાતિ મારા માટે શું કરે છે એ ન વિચારતા હું જ્ઞાતિ માટે શું કરી શકું? એવી ઉત્કૃષ્ટ ભાવથી આપણે બધા એકજૂટ થઈને આ કાર્ય આગળ ધપાવીએ. મુંબઈ મહાજનની હદમાં રહેતા અને હજુ સુધી આપશ્રીએ આપના પરિવારના લાગા ન ભર્યા હોય તો મુંબઈ મહાજનમાં સ્વેચ્છાએ લાગા ભરી આપની ફરજ અદા કરશો. આપ બહાર ગામથી મુંબઈમાં સ્થાયી થાઓ ત્યારે મુંબઈના સભ્ય બની લાગા જરૂરથી ભરો. મુંબઈ સ્થળાંતર કરી બહારગામ જાઓ ત્યારે આપ જરૂરથી મુંબઈ મહાજનને જાણ કરો. આપના પરિવારમાં લગ્ન કરીને આવેલ કન્યાનું નામ જરૂરથી ઉમેરાવો. દીકરી પરણીને સાસરે જાય ત્યારે સ્વચ્છાએ જાણ કરી નામ બાદ કરાવો અને જ્યાં પણ લગ્ન થયાં હોય ત્યાં એની જાણ કરો. આપનો સરનામું અને સંપર્ક નંબર જરૂરથી જણાવવાની કૃપા કરશો. સેલ લાગાના કાર્યને આપ સૌના સાથ સહકારની ખાસ જરૂર છે. આપ આપનો સાથ સહકાર આપ આ કાર્યને ઉતમ રીતે પાર પાડવામાં મદદ કરશો. લાગા વિષે વધુ જાણકારી માટે મુંબઈ મહાજન કાર્યાલય મો.નં.૯૮૯૨૭૪૧૪૧૪નો તથા દિનેશ રામજી લોડાયા કન્વીનર લાગા રોલ સમિતિ મો.નં.૯૩૨૦૩૨૭૯૭૭, ૭૭૧૮૮૮૦૧૭૧ લાગા રોલ સમિતિના સભ્યો ગુલાબ મૈશેરી (શાહ), ફાલ્ગુન ખોના, જતિન લોડાયા, કલ્પેશ લોડાયા, દિનેશ મોમાયા, ખુશાલ મોતા, ખુશાલ નાગડા, કિરીટ શાહ, વીરચંદ લોડાયા, મુકેશ લોડાયા, અરવિંદ લોડાયા.

# સાંધવ નગરના શાંતિનાથ દાદાની શીતલ છાયામાં ઉવસગ્ગહરં પાર્શ્વનાથ મહાપૂજન સંપન્ન થયું

કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં તા.૨૨ ઓગસ્ટ રવિવારના દિને ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૫ ની મંગલકારી નિશ્રામાં ઉવસગ્ગહરં પાર્શ્વનાથ મહાપૂજન ભક્તિમય માહોલમાં કરાયું.



# કચ્છ કોઠારા તીર્થમાં સંઘ દ્વારા બાલ મુમુક્ષુનું બહુમાન કરાયું

તા.૨૩ ઓગસ્ટ સોમવારના રોજે કચ્છ અબડાસાની મહાપંચતીર્થીના ઐતિહાસિક નગર કોઠારા સંઘમાં બાલવયે સંયમની વાટે જવા સંકલ્પ બધ્ધ થયેલ બાલ મુમુક્ષુ વંદન કુમાર કારાણીનું અઢળક ઉત્સાહ, હેત ભાવથી પ.પૂ. સાધ્વીશ્રી હંસમાલાશ્રીજી મ.સા.ની નિશ્રામાં બહુમાન કરી તેમના વધામણા કરાયા.



# ક.દ.ઓ. જ્ઞાતિના શ્રીમતી રંજન ચિંતન સોની વિમેન્સ એચિવર એવોર્ડ ૨૦૨૧ એવોર્ડથી સન્માનિત



વિમેન્સ એચિવર એવોર્ડ ૨૦૨૧માં નવરાષ્ટ્ર પ્રકાશન દ્વારા આદર્શ ઉદ્યોગીકાની શ્રેણીમાં આપવામાં આવે છે. જ્યાં સમગ્ર મહારાષ્ટ્રમાં વિવિધ પૃષ્ઠભૂમિની મહિલાઓને વિવિધ ક્ષેત્રમાં તેમના કામ માટે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ક.દ.ઓ. જ્ઞાતિના શ્રીમતી રંજન ચિંતન સોનીને એક ઉત્પાદન એકમ (Menufacturing Unit) સ્થાપવા બદલ એવોર્ડ આપવામાં આવ્યો હતો જે લોકો માટે વધુ રોજગારીના સર્જનમાં મદદરૂપ થઈ રહ્યા છે અને મહિલા ઉદ્યોગ સાહસિકો માટે ઉદાહરણરૂપ છે. શ્રીમતી રંજન ચિંતન સોનીનું થાણાના મેયર શ્રી નરેશ મસ્કે અને શહેરી વિકાસ મંત્રી કેબિનેટ મંત્રી શ્રી એકનાથ શિંદે દ્વારા સન્માન કરાયું હતું.



# સાંતાક્રુઝ વેસ્ટ સંઘમાં પૂજ્ય સાહેબજીઓએ વેક્સિન લીધી

અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ટ્રસ્ટી જિતેન્દ્ર વોરા, શ્રી સાંતાક્રુઝ અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટી નવીન વોરા, ગોરાંગીબેન જૈન તથા સાંતાક્રુઝ વોર્ડ નં.૯૭ના લોકલાડીલા કાર્યશીલ નગરસેવિકા હેતલ ગાલાના સથવારે તા.૨૫ ઓગસ્ટ બુધવારના સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી પ.પૂ.સાધ્વીશ્રી યશોગુણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી જિનવર ગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી તીર્થંકર ગુણાશ્રીજી મ.સા.એ વેક્સિન લીધેલ.





# માંડવી નગરના શિવમસ્તુ તીર્થમાં વૈરાગી બાલ મુમુક્ષુનું બહુમાન કરાયું

વૈરાગ્ય દેશના વાહક પ.પૂ.શ્રી પૂર્ણભદ્ર મ.સા. એવમ સમગ્ર પરિવારને સર્વ વિરતિની વાટે લઈ જનાર પ.પૂ.બા.મહારાજ સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી આદિના પાવન સાંનિધ્યે કારતક માસમાં ભુજ નગર સંઘમાં દીક્ષા ગ્રહણ કરી સંયમની વાટે પ્રસ્થાન કરનાર દીક્ષાર્થી વંદન કુમાર કારાણીનું બહુમાન સહ અભિવાદન તા.૨૪ ઓગસ્ટ મંગળવારના દિને કચ્છના રમણીય બંદરીય નગર માંડવી પરિસરના શિવમસ્તુ તીર્થમાં વિજયમુર્હુતે કરાયો.

સંસ્થાવતી જીવણભાઈ અને વિમલભાઈએ તથા તીર્થ આંગણે યોગાનુયોગે પધારેલ નાંગલપુરના શ્રાવક શ્રાવિકાઓમાં નાનાલાલભાઈ તેમજ વાસંતીબેનએ દીક્ષાર્થીના અહોભાવ સાથે વધામણા કર્યા હતા.

અમી આશીર્વાદ આપતા પૂજ્ય ગુરૂદેવે આંખે ઝળહળીયા આવી જાય એવી સ્વર્ગ લોકના ઈન્દ્ર મહારાજા અને જંબુ સ્વામીના ત્યાગની વાત કરી હતી. જય હો, જય વિજય હો.

# કચ્છના ડુમરા નગરે ભગવાનને રક્ષાબંધનનું અનુષ્ઠાન ભક્તિભાવથી ઉજવાયા




કચ્છ પ્રદેશના ડુમરા નગરે શ્રી ચંદ્રપ્રભસ્વામીની શીતલ છાયામાં પ.પૂ.સાધ્વીશ્રી જય પદમગુણાશ્રીજી મ.સા.ની પરમ આત્મીય નિશ્રામાં ભગવાનને રક્ષાબંધનનું અનુષ્ઠાન ભક્તિભાવથી ઉજવાયેલ. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ ભરી ઉપસ્થિત નોંધાવી ધર્મલાભ લીધો હતો.

# તેરા તીર્થે મુમુક્ષુ વંદન કુમાર કારાણી તથા તેમના પરિવારજનોનું બહુમાન કરાયું

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના તેરા તીર્થ સંઘમાં પ.પૂ. સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા.૨૩ ઓગસ્ટ સોમવારના મુમુક્ષુ બાલ વંદન કુમાર કારાણી તથા તેમના પરિવારજનોનું ભવ્ય રીતે બહુમાન કરાયેલ.





# કચ્છ સાંધવ નગર સંઘમાં મુમુક્ષુ વંદન કુમાર કારાણી સહપરિવાર બહુમાન કરાયું




કચ્છ અબડાસાના સાંધવ ગામ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ની આશિષ ભરી નિશ્રામાં તા.૨૩ ઓગસ્ટ સોમવારના દિને મુમુક્ષુ વંદન કુમાર કારાણી તથા તેમના પરિવાર સભ્યોનું ભાવ સાથે બહુમાન કરાયું.

# વિર્દભ પ્રાંતના ખામગામમાં
# શંત્રુજય ગિરિરાજ તપના આઠમો એકાસણા સંપન્ન





તા.૨૩ ઓગસ્ટ સોમવારના મંગલ દિને શંત્રુજ્ય ગિરિરાજ તપના આઠમા એકાસણા વિર્દભ પ્રાંતના ખામગામ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં સંપન્ન થયા. લાભાર્થી પરિવાર ગોવિંદજી નરપારજી નાગડા પરિવાર રહ્યાં હતા.

## સાંધાણ તીર્થ નગરે મુમુક્ષુ વંદન કુમારનું વાજતે ગાજતે બહુમાન કરાયું




તા.૨૩ ઓગસ્ટ સોમવારના કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના સાંધાણ તીર્થ નગરમાં પ.પૂ.મુનિશ્રી આર્યરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં બાલ મુમુક્ષુ વંદન કુમાર કારાણીના આગમનને વાજતે ગાજતે સ્વાગત કરાયું અને ભવ્યતાથી સન્માન બહુમાન કરાયું.

# મહારાષ્ટ્ર એકમ દ્વારા દ્વિદિવસીય મહિલા, યુવામંચ
# જનરલ સભા સહ સ્નેહસંમેલનનું આયોજન

શ્રી ક.દ.ઓ.જૈન મહારાષ્ટ્ર એકમ દ્વારા ચાલીસગામ મુકામે તા.૨૫ તથા ૨૬ સપ્ટેમ્બર રોજ બે દિવસનો સ્નેહ સંમેલન ફરી એકવાર આયોજન કરે છે. જેમાં સંબંધિત સંઘના યુવાનો મહિલાઓ તથા સર્વે ભાઈઓ ઉમળકા ભેર વધુમાં વધુ સંખ્યામાં જોડાવવા વિનંતી મહારાષ્ટ્ર એકમ દ્વારા કરાઈ છે. કાર્યક્રમની સંપૂર્ણ રૂપરેખા જલ્દીથી મોકલવામાં આવશે. આ આમંત્રણનો પ્રસાર કેડીઓ વોટસએપ ગ્રુપમાં મોકલવાની વિનંતી પણ કરાઈ છે. વધુ માહિતી માટે પ્રમુખ મનીષભાઈ લોડાયા-૮૮૮૮૫૨૦૪૯૮ તથા ગોવિંદજીભાઈ સોની માનદમંત્રી-૯૯૨૩૪૬૭૬૪૦

॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી સુથરી જૈન સંઘ – સુથરી

સુથરી - કચ્છ, તા. અબડાસા, પિન - ૩૭૦ ૪૯૦. ફોન : (૦૨૮૩૧) - ૨૮૪૨૨૩



"સ્વાગત કરીએ પર્યુષણ પર્વાધિરાજનું,
શ્રવણ કરશું મહાન કલ્પસૂત્ર ગ્રંથનું;
બનશું મસ્તાન તપ, ધર્મ, આરાધનામાં,
ગાશું જિનશાસનનાં ગુણગાન રૂડાં દિવસોમાં...."

શ્રી ધૃતકલ્લોલ દાદાની અસીમ કૃપાએ શ્રી સુથરી તીર્થે સંવત ૨૦૭૭ ના ચાતુર્માસ માટે સુથરી તીર્થે બિરાજમાન **પ.પૂ. સાધ્વી ચંદ્રયશાશ્રી મ.સા.**ના શિષ્યા **પ.પૂ. સાધ્વીશ્રી મહાયશાશ્રી મ.સા.**ની નિશ્રા પ્રાપ્ત થયેલ છે.

**"તપ, જપ કરી કર્મોની નિર્જરા કરવાનો મહાન પર્વ એટલે મહાપર્વાધિરાજ પર્યુષણ પર્વ"**

**પર્યુષણ પ્રારંભ**
શ્રાવણ વદ ૧૩
શનિવાર તા. ૪-૯-૨૦૨૧

**પર્યુષણ પૂર્ણાહુતિ**
ભાદરવા સુદ ૬
રવિવાર તા. ૧૨-૯-૨૦૨૧

શ્રી સંઘ મહાજનના વિવિધ ખર્ચાઓને પહોંચી વળવા દર વખતની જેમ સહેજે 'ટહેલ/અપીલ કરાતાં દાનેશ્વરી પુણ્યાત્માઓએ પોતાની લક્ષ્મીને પર્યુષણના મહાન દિવસોમાં સાર્ધમિક ભક્તિ તથા વિવિધ ક્ષેત્રોમાં સુકૃતો માટે અર્પણ કરી મહાલક્ષ્મી બનાવેલ છે. આપ પણ **યથા શક્તિ સાધારણ ખાતામાં રકમ** લખાવી પુણ્ય ઉપાર્જન કરશોજી.

## સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ :

| | |
|---|---|
| શ્રાવણ વદ ૧૩ | : **માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર,** સુથરી-વરલી |
| શ્રાવણ વદ ૧૪ | : **માતુશ્રી વિજયાબેન શામજી મુલજી ખોના પરિવાર,** સુથરી-મુલુંડ |
| શ્રાવણ વદ (અમાસ) | : **માતુશ્રી બાંયાબાઈ નરશી ભોજરાજ છેડા પરિવાર** હ. પૌત્રીઓ/પ્રપૌત્રીઓ, સુથરી |
| ભાદરવા સુદ ૧ | : **માતુશ્રી લીલાવંતીબેન લક્ષ્મીચંદ રતનશી લોડાયા,** મંજલીયા પરિવાર, સુથરી-મુલુંડ |
| ભાદરવા સુદ ૨ | : **માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા પરિવાર,** સુથરી |
| ભાદરવા સુદ ૩ | : **માતુશ્રી લક્ષ્મીબાઈ રાયચંદ કાનજી ધુલ્લા**ની ૪થી પુણ્યતિથી નિમિત્તે પરિવાર તરફથી |
| ભાદરવા સુદ ૪ | : **માતુશ્રી ગંગાબાઈ રતનશી ખીંયશી ખોના પરિવાર,** સુથરી-પાર્લા હ. જયતિલક રતનશી ખોના |
| ભાદરવા સુદ ૫ | : **માતુશ્રી મીઠીબાઈ રાયમલ નાગશી મોમાયા પરિવાર,** સુથરી-મુલુંડ |

ભાદરવા સુદ ૬
તા. ૧૨-૦૯-૨૧

સવારે - **માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી પાસુ નાગડા પરિવાર,** સુથરી
બપોરે - **માતુશ્રી ગંગાબાઈ ધનજી ચાંપશી હેકા પરિવાર,** સુથરી
સાંજે - **માતુશ્રી સોનબાઈ કુંવરજી ખીમજી દંડ પરિવાર,** સુથરી

આંયબિલ તપશ્ચર્યા તા. ૭-૮-૨૦૨૧ થી તા. ૨૦-૧૦-૨૦૨૧ (અષાઢ વદ અમાસ થી આસો સુદ પૂનમ સુધીનો)
લાભ : **પ્રેમિલાબેન તિલકચંદ દંડ,** નલીયા - લાલાના આત્મશ્રેયાર્થે
હસ્તે **માતુશ્રી દેવકાંબાઈ શીવજી લખમશી નાગડા પરિવાર,** નલીયા તરફથી

શ્રાવણ વદ ૧૩ થી ભાદરવા સુદ ૬ તા. ૪-૦૯-૨૧ થી તા. ૧૨-૦૯-૨૦૨૧ (૯ દિવસ સુધી)

**પાંજરાપોળના જાનવરોને મીઠી રાબ**
**માતુશ્રી સોનબાઈ કુંવરજી ખીમજી દંડ પરિવાર,**
સુથરી-મુલુંડ

**પક્ષીઓને ચણ તથા કૂતરાઓને રોટલા**
**કુ. યેશા દિલીપભાઈ મણિલાલ ખોના પરિવાર,**
સુથરી-મુલુંડ

**મૂળનાયક : શ્રી ધૃતકલ્લોલ દાદાની અંગરચના (આંગી)**
**માતુશ્રી કસ્તુરીબાઈ જીવરાજ હીરજી ધરમશી પરિવાર,** સુથરી

**જીવદયા :** સુથરી તીર્થે ૧૭૮ વર્ષથી કાર્યરત પાંજરાપોળમાં અબોલ/મૂંગા પશુઓ માટે જ્યારે આ વર્ષે નજીવા વરસાદના કારણે અકાળની પરિસ્થિતિ નિર્માણ થવાના એંધાણ વરતાઈ રહ્યા હોવાથી આપ સૌ ગામવાસીઓને જીવદયા માટે યથાશક્તિ ફાળો અર્પવા તેમજ અન્ય પેઢીઓમાં આપના વલણનો સદ્ઉપયોગ કરી ફંડ મેળવવા પ્રયત્ન કરશોજી. દાનની રકમનો ૮૦-જી હેઠળ કર રાહતનો લાભ મળી શકે છે.

**સંપર્ક : કિર્તિભાઈ લોડાયા** - 98331 52695 • **વર્ધમાન** - 98335 85280 • **જિગ્નેશ છેડા** - 97262 13827

લિ. **શ્રી સુથરી જૈન સંઘ ટ્રસ્ટીઓ**

# સાંધવ નગરે શાંતિનાથ દાદાના દર્શનાર્થે પધારવા ભાવભર્યું આમંત્રણ

પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા. તથા સાંધવ નગરના દિકરી મ.સા., પ.પૂ.શ્રી હીરગુણાશ્રીજી મ.સા. આદિ થાણા ૫ના વંદન કરવા પધારવા મુંબઈ તેમજ દેશ-દેશાવર કચ્છમાં વસતાં સકળ સંઘોને ભાવભર્યું આમંત્રણ. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવના પ્રમુખ શામજી નરશી દંડ તથા સંઘપતિ પરિવાર માતુશ્રી ઝવેરબાઈ પદમશી કલ્યાણજી ખોના પરિવાર ભાંડુપ દ્વારા અપાયું છે.

તમારા માદરે વતન પર્વ દરમિયાન પધાર્યા હોય તો સાંધવે નગરે દર્શન કરવા જરૂરથી પધારશોજી તથા અમને સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી આપનું આગમન એજ મહાજનની શોભા છે. આપ પધારશો ત્યારે જરૂર અગાઉથી જાણ કરશોજી. સંપર્ક સૂત્ર મણિલાલભાઈ ખોના-૯૮૨૦૨૮૦૭૭૧ તથા પંકજ ડાઘા-૭૯૮૪૩૨૬૫૬૬

# વરલી સંઘમાં અક્ષય નિધિ તપની શુભ શરૂઆત મંત્રોચ્ચાર ક્રિયાથી થઈ





તા.૨૭ ઓગસ્ટ શુક્રવારના દિને શ્રી અચલગચ્છ જૈન સંઘ વરલીમાં પ.પૂ.સાધ્વીશ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અક્ષય નિધિ તપની શુભ શરૂઆત વિધિ મંત્રોચ્ચાર ક્રિયાથી સુંદર રીતે સંપન્ન થઈ.

## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા દ્વારા પર્યુષણ પર્વ આરાધના કરવા આમંત્રણ

શ્રી ચંદ્રપ્રભુ દાદાના દરબારે અને સંઘના સદભાગ્યે ચાતુર્માસ માટે અરિહંતના અણગાર શાસનના શણગાર સમાન પ.પૂ.મુનિરાજ શ્રી પુણ્યોદયસાગરજી મ.સા. અને પ.પૂ.મુનિરાજ શ્રી અનંતરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા-૨ની પાવન તારક નિશ્રા પ્રાપ્ત થઈ છે. પયુર્ષણ પ્રારંભ તા.૪ સપ્ટેમ્બર શનિવાર અને પર્યુષણ પૂર્ણાહૂતિ શનિવાર તા.૧૧ સપ્ટે. આ પર્વ મહોત્સવની આરાધના કરવા સર્વે નલિયાવાસીઓ તથા નિયાણીઓનોને જૈન મહાજન નલિયા દ્વારા ભક્તિભીનું આમંત્રણ નલિયા મહાજન વતી ટ્રસ્ટીગણ દ્વારા અપાયેલ છે.

તા.૩ સપ્ટેમ્બરથી તા.૧૨ સપ્ટે. સુધી ત્રણેય ટાઈમની સાધર્મિક ભક્તિ તથા સામૂહિક ધોરણે ઉતારાની વ્યવસ્થા શ્રી નલિયા મહાજન તરફથી કરવામાં આવશે.

આપના આવવાનો વિગત વાર કાર્યક્રમ મહાજનશ્રીની ઓફિસર મેનેજર ભાવેશ પરેશ મૈશેરી-૭૩૫૯૭૭૧૯૪૯ને તા.૩૧ ઓગસ્ટ સુધી જણાવવા વિનંતી. જેથી આપની સગવડતા સાચવવામાં સુગમતા રહે. ઓફિસ-૦૨૮૩૧-૨૨૨૩૩૭. કોવિડના નિયમોનું પાલન આવશ્યક છે.

## અભિનંદન...



ભુમિત નાગડા

(તેરા) હાલ ડોંબિવલી

92%

ICSE-X

# શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ જલગામ દ્વારા સાધ્વીવર્યાજી મ.સા.ના માતા પિતા તેમજ તેરાગામ વાસીઓનું સન્માન કરાયું





તા.૨૬ ઓગસ્ટ ગુરૂવાર દિને પ્રવચન પશ્ચાત શ્રી અચલગચ્છીય જૈન સંઘના સાધ્વીવર્યાજી પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પરમશિષ્યા સાધ્વીવર્યાજી પ.પૂ.સાધ્વીશ્રી માર્ગદર્શિતાશ્રીજી મ.સા.ના માતા પિતા સૌ.પ્રભાબેન તથા મહેન્દ્રભાઈ પાનાચંદ લોડાયા, રાયપુર-છતીસગઢ, કચ્છ ગામ તેરાના મૂળ નિવાસીનું આદર સત્કાર એવમ બહુમાન શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ જલગામના પદાધિકારીઓ દ્વારા કરાયું.

# પ.પૂ.ગુરૂદેવ શ્રી સર્વોદય ઉદય ગુણવલ્લભ સાગરજી મ.સા.ની પ્રેરણાથી બાળકોને માટે સ્પેશિયલ ગિફ્ટ



પ.પૂ.ગુરૂદેવ શ્રી સર્વોદય ઉદય ગુણવલ્લભ સાગરજી મ.સા.ની પ્રેરણાથી તા.૨૬ ઓગસ્ટ ગુરૂવારના સમસ્ત મુંબઈભરના સૌ બાળકો માટે સ્પેશિયલ ગિફ્ટ જેઓ પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોની પાસે ગાથા-સામાયિક-પૌષધ કરશે તેઓને માટે મોકલાઈ રહી છે.

જ્યાં જ્યાં વિધિપક્ષ ગચ્છીય શ્રમણીવૃંદ બિરાજમાન છે. ત્યાંના ઉપાશ્રયમાં આ ગિફ્ટ પહોંચાડાશે. અને ત્યાં શ્રમણી ભગવંત યથાયોગ્ય આરાધના કરનાર બાળક બાળકીઓને આ ઉપહાર આપશે.

લાભાર્થી પરિવાર કુમારી આરના પ્રિન્સ પ્રતાપભાઈ મોતા ભાંડુપ. દાતાની ભાવનાની હાર્દિક અનુમોદના.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પૂજ્ય સાધ્વી સૌમ્યલતાશ્રીજી મ.સા.ની ૯૯મી આંચબિલ ઓળી પારણાનો પ્રસંગ ઉજવાયો








પ.પૂ.સા. સૌમ્યલતાશ્રીજી મ.સા.ની ૯૯મી આયંબિલ ઓળીનો પારણાનો પ્રસંગ પ.પૂ.કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. મુનિરાજ રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ હિતવર્ધનસાગરજી મ.સા., પ.પૂ. સા. કિર્તીલતાશ્રીજી મ.સા., પ.પૂ. સા. દિવ્યકિરણાશ્રીજી મ.સા., મુનિભગવંતો, સાધ્વીજી ભગવંતો મહાસતીજીઓ તથા ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. પારણાનો લાભ માતુશ્રી લીલાવંતીબેન બાબુલાલ જાદવજી ઘી વાલા પરિવારે લીધો હતો. આચાર્ય ભગવંતશ્રીનું ઢોલ શરણાઈ અને શણગારેલા બેડાથી સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે ભુજ અચલગચ્છ જૈન સંઘ અધ્યક્ષ મહેન્દ્રભાઇ ડી. શાહ, પી.સી. શાહ, ભરતભાઈ શાહ, હર્ષદભાઇ શાહ, આર.સી.શાહ, ચન્દ્રકાન્ત વોરા, દિપક શાહ, ડૉ. ભરતભાઈ શાહ, દિપક લાલન, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, મહેન્દ્ર લોડાયા તથા શ્રાવક શ્રાવિકાઓ પારણા પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ.પૂ.કવીન્દ્રસાગર સુરીશ્વરજી મ.સા, એ પ.પૂ.સા. સૌમ્યલતાશ્રીજી મ.સા.ની ૯૯મી આંયબીલ ઓળી તપની અનુમોદનાં કરતાં જણાવ્યું હતું કે, પ.પૂ.સા. મનહરશ્રીજી મ.સા.નાં સમુદાયે આવી તપારાધનાઓ કરી છે. તેમણે પુ.સા. સૌમ્યલતાશ્રીજી મ.સા.ની ગુરૂની સેવા ભક્તિ વૈયાવચ્ચને બિરદાવ્યા હતા. પ.પૂ.મુ. પ્રિયંકરસાગરજી મ.સા. એ જણાવ્યું હતું કે, સફળતામાં ગુરૂનાં આશિર્વાદ કામ કરતા હોય છે. શ્રદ્ધા-ભાવના અને વિશ્વાસનાં બીજ પડેલ છે. ભુજ જૈન સંઘની એકતા અનેરી છે. સંઘ શક્તિ મહાન છે. પ.પુ.મુ. શ્રી કલ્પતરૂસાગરજી મ.સા. એ જણાવ્યું હતું કે, તપ-ધર્મનો મહિમા અનેરો અને અદ્‌ભૂત છે. તેમણે જૈન શાસનમાં નવપદનો મહિમા સમજાવ્યો હતો. ભરતભાઈ બાબુલાલ શાહ, હર્ષદભાઈ બાબુલાલ શાહ, શાહ, સમસ્ત પરિવારજનોએ પૂજ્ય સૌમ્યલતાશ્રીજી મ.સા.ને ૯૯મી આંયબીલની ઓળીનું પારણું કરાવ્યું હતું.

# કોઠારા તીર્થે સમૂહસ્નાત્ર પૂજા, સામાયિક સાથે શ્રી શાંતિનાથ ભગવાનના જાપ ભાવપૂર્વક થયા

બુધવાર તા.૨૫ ઓગસ્ટના રોજે પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મ.સા.ના સંયમ સુવર્ણ વર્ષ નિમિત્તે અબડાસા પંચતીર્થીના ઐતિહાસિક કોઠારા તીર્થે દેરાસરમાં સમૂહસ્નાત્ર પૂજા તથા સમૂહ સામાયિક અને મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનના જાપ પ.પૂ.સાધ્વીશ્રી હંસામાલાશ્રીજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં ભાવપૂર્વક થયા. લાભાર્થી માતુશ્રી જયાબાઈ નરશી ધરમશી પરિવાર નલિયા હસ્તે પ્રેરિત ઋષભ ધરમશી.






– સં. રાજન ચંદે 'ધૂણી'

● સારા ચોમાસાની આશાએ કચ્છના ખેડૂતોએ એક લાખ હેક્ટરમાં વાવેતર કર્યું છે. જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખામાંથી પ્રાપ્ત વિગતો મુજબ ચાલુ વર્ષે હવામાન ખાતા દ્વારા સારા વરસાદની કરાયેલી આગાહીને પગલે પગલે મેઘરાજાએ સારા પગરણ કર્યા. જેને લીધે ખેડૂતોમાં સોળ આનીની આશા જાગી છે. સૌથી વધુ રાપર તાલુકામાં ૨૬૫૩૦ હેક્ટરમાં જ્યારે, સૌથી ઓછું ૨૫૫ હેક્ટર જમીનમાં વાવેતર ગાંધીધામમાં કરાયું છે. નખત્રાણામાં ૧૨૯૯૩, અબડાસામાં ૧૧૯૬૯ હેક્ટરમાં, માંડવીમાં ૮૯૫૨ હેક્ટર જમીનમાં વાવેતર કરાયું છે.


● મહારાષ્ટ્રના કોંકણ વિસ્તારમાં ભારે પૂરને લીધે વર્ષોથી અત્રે વસતા ૫૦ કચ્છી પરિવારો જેઓ બારદાન, લાકડાની સો મિલ જેવા વ્યવસાય સાથે સંકળાયેલા છે. એવા વેપારીઓને કરોડો રૂપિયાની નુકસાની થઈ છે. એક લાખની વસતી ધરાવતા ચિપલૂણ શહેરમાં આભ ફાટ્યું હોવાથી પાણી ફરી વળતાં ત્રણ દિવસ સુધી સંપર્ક તૂટી ગયો હતો. ભોંયતળિયામાં ૬ થી ૧૦ ફૂટ પાણી ભરાઈ જવાથી ૫૦ વર્ષથી ખાલી બારદાનનો ધંધો કરતાં ૧૦ જેટલા પરિવાર ભાનુશાલી સમાજના અને ૪૦ જેટલા પાટીદાર પરિવારો જેઓ સો મિલ તેમજ હાર્ડવેરના વ્યવસાયમાં જોડાયેલા છે. તેમને આર્થિક રીતે કરોડોનો ફટકો પડ્યો છે.

● ભુજનગર પાલિકાને ભુજ વિસ્તાર સતા મંડળની વર્ષ ૨૧-૨૨ની ગ્રાન્ટ અંતર્ગત ૧૫ લાખના ખર્ચે મોક્ષ રથ-શબવાહિની સુપરત કરાઈ હતી. નગરપાલિકા પ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે નગરપાલિકાને શબવાહિનીની જરૂરત હોતાં કોરોનાની બીજી લહેર દરમ્યાન તત્કાલિન આસિસ્ટન્ટ કલેક્ટર મનીષ ગુરવાની અને ભાડાના ચેરમેન તેમજ કલેક્ટર પ્રવીણા ડી.કે.પાસે શબવાહિનીની રજૂઆત કરાતાં ત્વરિતપણે આ શબવાહિની ફાળવવામાં આવતા નગરપાલિકા પ્રમુખે આભારની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે ભાડા દ્વારા જ્યારે જ્યારે નગરપાલિકાને જરૂર પડી છે ત્યારે મદદ કરાઈ છે.

● કચ્છના ખડીર બેટમાં પાંચ હજાર વર્ષ પૂર્વેના હડપ્પીય સંસ્કૃતિના અવશેષો સાચવીને બેઠેલા અપ્રતીમ ધોળા વીરાને યુનેસ્કોની હેરિટેજ સૂચિમાં સામેલ થતાં વર્લ્ડ હેરિટેજ સૂચિમાં ગુજરાતનું ચોથું, દેશનું ૪૦મું સ્થળ હોવાનું માન પ્રાપ્ત કર્યું છે. વિશ્વ ધરોહર સમિતિના ૪૪ માસત્રમાં ધોળાવીરાને વિશ્વ વિરાસત સ્થળની સૂચિમાં સામેલ કરી લેવાયું હોવાની જાહેરાત યુનેસ્કોએ કરતાં સમગ્ર કચ્છ, ગુજરાત અને દેશમાં હર્ષની હેલી પ્રસરી હતી.

● અબડાસા તાલુકામાં પશુ ચિકિત્સક અને પશુધન નિરીક્ષકના જિ.પં.સંચાલિત દવાખાનું છે પણ તેમાં ડોક્ટર ન હોવાથી પશુ પાલનના મુખ્ય વ્યવસાયવાળા તાલુકામાં પશુ બીમાર પડે ત્યારે તેના માલિકોને બહુ મુશ્કેલીમાં થાય છે. નલિયા અને કોઠારામાં પશુ દવાખાના છે. આ પૈકી કોઠારા દવાખાનામાં લાંબા ભૂતકાળથી વેટરનરી તબીબ નિમાયા નથી. જેના પગલે આસપાસના ૪૦ ગામોમાં ઢોર બીમાર પડે ત્યારે નલિયાથી તબીબ બોલાવવો પડે છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**વીણાબેન ધરમશી**
તા.૧૬ ઓગસ્ટ (ઉ.૭૭)
સાંધાણ-ડોંબિવલી




**મુરબાઈ નાગડા**
તા.૨૧ ઓગસ્ટ (ઉ.૯૪)
નલિયા-ડોંબિવલી



**નીતિન મોમાયા**
તા.૨૨ ઓગસ્ટ (ઉ.૪૮)
વરાડીયા-ગોવા



**ઇંદિરા મોતા**
તા.૨૨ ઓગસ્ટ (ઉ.૭૪)
રાયધણજર-વાશી



**ચંદ્રેશ દંડ**
તા.૨૨ ઓગસ્ટ
સેવક ભરૂડીયા-મુલુંડ



**ચંદ્રલેખા મોમાયા**
તા.૨૩ ઓગસ્ટ (ઉ.૬૩)
સાંયરા-જામનગર




**હેમેન્દ્ર નાગડા**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૫૦)
નલિયા-ડોંબિવલી



**કાંતિલાલ વિકમશી**
તા.૨૪ ઓગસ્ટ (ઉ.૭૫)
જખૌ-મલબાર હિલ




**વાલબાઈ ધુલ્લા**
તા.૨૬ ઓગસ્ટ (ઉ.૮૦)
સુથરી-ડોંબિવલી



**નરશીભાઈ ધરમશી**
તા.૨૬ ઓગસ્ટ (ઉ.૯૪)
નલિયા-મુલુંડ



**શા. રાયચંદ ધુલ્લા**
તા.૨૭ ઓગસ્ટ (ઉ.૭૭)
બાંઢીયા-ચિંચપોકલી



**લક્ષ્મીબાઈ નાગડા**
તા.૨૭ ઓગસ્ટ (ઉ.૯૪)
પરજાઉ-વડાલા



**ગુલાબભાઈ લોડાયા**
તા.૨૮ ઓગસ્ટ (ઉ.૫૬)
સાંધવ-ભિવંડી



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિના મૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


SHUBH
DIAMONDS
Qualified, Experienced Craftsman,
Awarded Designer Team & Product
Development constantly thrive to
develop Exquisite Diamond Designs ...
Perfect Blend of Diamond
Studded Jewellery ...
Enchanting Handcrafted Jewellery ...
Quality & Creativity is our
first priority ...
Manufacturing units at
Mumbai, Chennai & Bangalore ...
Every product is Certified & Hallmarked ...
Rajendra Momaya
98841 49494
GJC
-: શુભેચ્છા સહ :- માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)
# 128, Cathedral Road, Chennai-600 086. For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
E.Mail: seema@shubhdiamonds.com


DON'T
Compromise!
HEALTH INSURANCE
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA